# સિવિલના પાર્કીંગમાં ઉઘાડી લૂંટ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પાર્કીંગમાં રોજ કકળાટ જોવા મળે છે. પાર્કીંગના કર્મચારીઓ અને વાહનચાલકો વચ્ચે રોજ ચકમક ઝરતી જોવા મળે છે. સિવિલના પાર્કીંગમાં આડેધડ પૈસા વસુલી ચાલી રહી છે. પાર્કિંગના સત્તાધિશો ટુ-વ્હીલરના રૂ.૧૦ તેમજ ગાડીના રૂ. ૨૦ ચાર્જ વસુલે છે. જયારે પાર્કીંગમાં રાત્રીના સમયે કોઈ વાહનચાલક પોતાનું વાહન પાર્ક કરે તો તેનો ભાવ દોઢગણો થઈ જાય છે તેમ પણ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. પહેલા પાર્કીંગમાં માત્ર ટુ-વ્હીલના રૂ.૫ અને ગાડીના રૂ.૧૦ હતા. જયારે બે વાહનચાલકોએ તો પાર્કિંગના રૂપીયાને લઈ ઉચ્ચકક્ષાએ અરજી કરી રજુઆત પણ કરી છે. ત્યારે સિવિલના પાર્કિંગના દર નિયત કરી પાર્કીંગ સ્થળે નિયત કરેલા દરનું બોર્ડ લગાવવામાં આવે



તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. સિવિલની પાંચ માળની ઓપીડી અને આઠમાળની બિલ્ડીંગ દર્દીઓથી ઉભરાતી જોવા મળે છે.જયારે સિવિલનો તાત્કાલીક વિભાગ ચોવીસ કલાક ધમધમતો હોય છે. જેને પગલે સિવિલ કેમ્પસમાં વાહનોની આવન-જાવન ખુબ મોટા પ્રમાણમાં વધી જાય છે. જયારે દર્દીઓની ખબર અંતર પુછવા માટે આવેલા નાગરીકોના વાહનોની પણ ચોરી થઈ જાય છે. જેને પગલે નાગરીકો પાર્કીંગમાં પોતાના વાહનોની સલામતી અને કોઈને વાહન નડતરરુપ ના રહે તે માટે સૌ કોઈ પાર્કીંગમા વાહનો મુકવાનું પસંદ કરે છે. ત્યારે પાર્કીંગ સંચાલકો દ્વારા દર્દીઓ તેમજ તેમના સ્વજનોને રીતસરના લુંટી રહ્યા છે. પહેલા પાર્કિંગનો દર ટુ-વ્હીલરના રૂ.૫ તેમજ ગાડીના રૂ. ૧૦ હતા. જયારે હાલના સમયે તો ટું-વ્હીલના રૂ.૧૦ અને ગાડીના રૂ.૨૦ વસુલાય છે તેવી ફરીયાદો ઉઠવા પામી છે. આડેધડ ઉઘરાણાને લઈ કેટલાક વાહનચાલકોએ સિવિલ તંત્ર સમક્ષ અરજી પણ કરી છે. જયારે પાર્કિંગના સ્થળ પર કોન્ટ્રાકટમાં નિયત કરેલા દરનું બોર્ડ લગાવવામાં આવે તેવી નાગરીકોની લાગણી અને માંગણી છે.

## ગાંધીનગર તાલુકા પંચાયતની ઉનાવા બેઠકની પેટાચૂંટણી માટે પાંચ ઉમેદવારીપત્રો ભરાયા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર તાલુકા પંચાયતની ઉનાવા બેઠકની પેટાચૂંટણી માટે પાંચ ઉમેદવારીપત્રો ભરાયા છે.

જેમાં ભાજપ અને કોંગ્રેસના બે-બે ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે તેમજ એક અપક્ષ ઉમેદવારીપત્ર ભર્યું છે. આજે ઉમેદવારીપત્રની ચકાસણી થશે અને મંગળવારે ઉમેદવારીપત્ર પરત ખેંચવાનો છેલ્લો દિવસ છે.





## મનુષ્ય આનંદ ઇચ્છે છે, જીવોની સર્વ પ્રવૃત્તિઓનું લક્ષ્ય આનંદ છે પરંતુ દિશા વિપરિત હોવાથી મનુષ્ય પીડાને પામે છે

સમદર્શન આશ્રમ સેક્ટર-૧ ખાતે ભાગવત કથાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. વૃંદાવન નામકરણ પામેલા પવિત્ર-રમણિય-કલાત્મક સ્થાનમાં પરમ પૂજ્ય ગુરૂમાના શ્રીમુખેથી પવિત્ર ગ્રંથનું શ્રવણ મનને અલૌકિકતાની અનુભૂતિથી ભરી દેનાર બની રહ્યું.

ભાગવત ગ્રંથ જીવન જીવવાની અનેક ચાવીઓથી સભર અત્યંત દિવ્ય અને પવિત્ર ગ્રંથ છે. પરમ પૂજ્ય ગુરૂમાએ જણાવ્યું કે પ્રત્યેક મનુષ્ય આનંદ ઈચ્છે છે, જીવોની સર્વ પ્રવૃત્તિઓનું લક્ષ્ય આનંદ છે. પરંતુ દિશા વિપરિત હોવાથી મનુષ્ય પીડાને પામે છે.

શાશ્વત આનંદની પ્રાપ્તિ માટે પરમાત્મા સાથે જોડાવું જરુરી છે. અઘરું લાગતું આ કાર્ય દુન્વયી અનેક વ્યવહારો કરતાં ઘણું સરળ છે એમ કહી ભાગવતની વાત ટાંકતાં તેઓએ જણાવ્યું કે પરમાત્મા સાથે જોડાણ માટે ભાવનાઓથી ભરેલું મન એટલે કે ભક્તિ, વિચારશક્તિથી ભરેલી બુધ્ધિ એટલે કે જ્ઞાન અને શરીરના માધ્યમથી થતું સત્કાર્ય એટલે કે કર્મ સાધનરૂપ છે. ભાગવત ગ્રંથની વ્યાખ્યા કરતા જણાવ્યું કે ભા-પ્રકાશ સ્વરૂપ, ગ-ગતિમાન, વ-શાસ્ત્રમાં શ્રેષ્ઠ, ત-પીડામાંથી મુકત કરનાર છે.

માધુર્ય, રસિકતા, અને આનંદથી સભર છતાં કૃષ્ણના અતિ ગંભીર અને વૈરાગ્ય સ્વરૂપની વાતો કરાતા સૌ ભકત જનો ભાવાન્વીત થઈ રહ્યા. આ ભાવ ગંગામાં વહેતા સૌએ ખૂબ તરબોળતા અનુભવી. જીવનલક્ષી અનેક વાતો હૃદયસ્થ થતી રહી. પ્રભુની શરણાગતિ કેવી રીતે લેવી તે ભાગવત પાસેથી શીખવા મળે છે. ભાગવત શ્રવણથી ભક્તિ જ્ઞાન અને વૈરાગય વૃધ્ધિ પામે છે. ભક્તિમય થવું સરળ છે પરંતુ જ્ઞાન અને વૈરાગ્ય ભગવત શ્રવણથી જ જાગૃત થાય છે.

કલિયુગમાં જીવોનું કલ્યાણ ખૂબ સરળ છે જે શ્રી કૃષ્ણના કિર્તનથી શકય બને છે. જે તપ યોગથી પ્રાપ્ત થતું નથી તે ભાગવત શ્રવણથી પ્રાપ્ત થાય છે. આ યુગમાં બધું જ હોવા છતાં ભક્તિનો અભાવ જોવા મળે છે. જેની પાસે ભક્તિ નથી તે નિર્ધન છે અનેક દુર્ગુણોથી ગ્રસ્ત વ્યક્તિ માટે પણ ભાગવત ચમત્કાર સર્જનાર સુધારક સાબિત થાય છે.

સ્વધર્મનું પલન કરવું અને પ્રભુ પ્રત્યે પ્રીતિ રાખવી એ જ આ યુગમાં જીવન જીવવાનો માર્ગ છે. બીજાના ગુણદોષનું ચિંતન કરવું તે દોષ છે. બીજાના ગુણદોષનું ચિંતન ન કરવું તેને ભાગવતમાં ગુણ કહેવાયો છે.

આજરોજ પ્રથમ, દ્વિતિય અને તૃતિય સ્કંધની સમાપ્તી થઈ. અનેક બોધરૂપ્ કથનો અને ઉદાહરણોથી કથા મંડપમાં બીરાજમાન શ્રોતાગણ શ્રધ્ધા અને જ્ઞાનની વાતો થકી તરબરતા અનુભવતો હતો.

**(પૂજય ગુરુમાની કથાના રસપાનમાંથી)**

## સેક્ટર-૧૭માં સફાઈકર્મીઓના અભાવે ઠેરઠેર કચરાના ઢગ

**સેક્ટર-૧૭ જેવા મુખ્ય સેક્ટરમાં નિયમિત સફાઈ થતી નથી**

**કર્મચારીઓની અછતનુ કારણ આપતુ તંત્ર : ઠેર ઠેર કચરો જોવા મળે છે**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરમાં ગંદકી એક મુખ્ય સમસ્યા છે. જેને અનેક ઉપાયો અજમાવ્યા બાદ પણ ઉકેલી શકાઈ નથી. સેક્ટર-૧૭માં ઠેર ઠેર કચરો જોવા મળી







રહ્યો છે. સફાઈ કર્મીઓની અછતનુ કારણ દર્શાવાઈ રહ્યું છે.

રાજ્યનુ પાટનગર હોવા છતાં અહીં કચરાનુ વ્યવસ્થાપન થઈ શક્યુ નથી. મનપા દ્વારા ઘરે ઘરેથી કચરો ઉપાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે અને સેક્ટરોમાં ગંદકી અને કચરાને સાફ કરવા માટે સફાઈકર્મીઓને મુકવામાં આવે છે. તેનુ સુપરવિઝન પણ નિયમિત થાય છે જો કે અનેક પ્રયત્નો છતાં ઠેર ઠેર કચરાના ઢગ જોવા મળે છે. ગંદકી પણ એટલી જ જોવા મળે છે. ચોમાસા દરમ્યાન ઠેર ઠેર ઉગી નીકળેલા ઝાંડી ઝાંખરા વધુ કચરો ફેલાવે છે.

શહેરના મુખ્ય સેક્ટરો પૈકીના સેક્ટર-૧૭માં ખુબ કચરો થયો છે અને ગંદકી ફેલાઈ છે તેવી ફરિયાદ વસાહતીઓ કરી રહ્યા છે. સેક્ટર-૧૭માં લાયબ્રેરી અને ટાઉનહોલ તથા એક્ઝિબિશન હોલના વિશાળ વિસ્તારની સફાઈ કરવાની હોય છે. આ ઉપરાંત જિલ્લા પંચાયત અને ફાયરબ્રિગેડ ઓફિસ વિસ્તારમાં પણ સફાઈની જરૂર રહે છે. સ્ટાફ ટ્રેનિંગ કોલેજ અને તેની પાછળ આવેલા સરકારી વસાહત વિસ્તારમાં પણ સફાઈની ખૂબજ જરૂર છે.

અહીં ફેલાયેલા કચરાનો નિકાલ કરવા માટે વસાહતીઓએ અનેક રજુઆતો કરી છે. તંત્રનુ કહેવુ છે કે અહીંનો વિસ્તાર ખૂબ વિશાળ છે. ઝાડી ઝાંખરાઓ અને કચરો ખૂબ થઈ ગયો છે જેને સાફ કરવા માટે ખૂબ જ ઓછો સ્ટાફ છે. અહીંના સુપરવાઈઝર કહે છે કે સ્ટાફ ઓછો પડે છે એટલે નિયમિત સાફ સફાઈ થઈ શકતી નથી.

## વિદેશ જવા ઈચ્છુક ૭ નાગરીકો સાથે છેતરપિંડી થતા ફરીયાદ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના ઓપરેટર દ્વારા વર્ક વિઝા મેળવીને બહારના દેશમાં જવા માટે ઈચ્છુક ૭ નાગરીકો સાથે છેતરપિંડી થઈ હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આ નાગરીકો પાસેથી વર્ક વિઝાના નામે રૂપીયા લીધા બાદ આ ઠગબાજોએ પોતાની જવાબદારીમાંથી હાથ ઉંચા કરી દેવાતા સમગ્ર કિસ્સો બહાર આવ્યો છે. જે મામલે શહેરના બે અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ છે. આ બંન્ને ફરીયાદમાં ઠગબાજ એકના એક જ છે. ઠગબાજોએ સેકટર-૧૧ અને સે-૨૧ ખાતે ઓફિસ ખોલીને વિદેશ જવા માટે ઈચ્છુક ઉમેદવારો સાથે છેંતરપિંડી આચરી હોવાનું પ્રાથમિક રીતે લાગી રહ્યું છે. છેંતરપિંડીનો ભોગ બનેલા સાત નાગરીકો પૈકી ચાર રાજસ્થાનના વતની છે, તેઓએ અબુધાબી જવા માટે રૂપીયા આપ્યા હતા. જયારે બાકીના ત્રણ વ્યકિતઓએ ન્યુઝીલેન્ડના વર્ક વિઝા માટે રૂપીયા આપ્યા હતા. આ ઠગબાજોએ ત્રણ ઓરીજીનલ પાસપોર્ટ પણ પરત નાગરીકોને આપ્યા નહી હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે બનાવ અંગે શહેરના બે અલગ સ્થળે ફરીયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી ઠગબાજોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.જયારે ભેજાબાજોએ વિદેશ જવા માટે ઈચ્છુક નાગરીકોને ટીકીટ અને વિઝા પણ વોટ્સએપ કર્યા હતા.જયારે તેઓએ ઓનલાઈન ચેક કર્યું તો કોઈ ટીકીટ બુક થઈ ન હતી અને કોઈ વિઝા પણ મળ્યા ન હોવાનું માલુમ પડયું હતું.

## પ્રોહિબિશનના ગુનામાં નાસતા ફરતા આરોપીને એલસીબીએ પકડી પાડ્યો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લાના માણસા તથા અમદાવાદ શહેરના સરદાર નગર પોલીસ સ્ટેશનના પ્રોહિબીશનના ગુનામાં નાસતા-ફરતા આરોપીને રણાસણ ચોકડી પાસેથી ગાંધીનગર એલસીબી પોલીસે પકડી પાડ્યો છે.

ગાંધીનગર એલસીબી પોલીસની ટીમ વી.કે.રાઠોડ અને ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સાથે રહેલા હે.કો.રણજીતસિંહ તેમજ પો.કો.જીગ્નેશ કુમારને સંયુકત રીતે બાતમી મળી હતી કે માણસા પોલીસ મથકના પ્રોહિબીશનના ગુનામાં નાસતો ફરતો આરોપી જયેશ ઉર્ફે કાંન્યા ઉર્ફે ભુરીયો જીતુભાઈ માંછરેકર ઉર્ફે રાઠોડ રહે. હાલ રબારી કોલોની સુર્યમ રાજ પાન પાર્લરની બાજુમાં રાજુભાઈના છાપરા, મુળ રહે. સંતોષીનગર સંતોષી માતાના મંદિરની બાજુમાં, કુબેરનગરવાળાને અમદાવાદ રણાસણ સર્કલ નજીક મોટા ચિલોડા તરફ જવાના માર્ગ પરથી પકડી પાડ્યો હતો. વર્ષ ૨૦૧૮માં માણસા પોલીસ મથકમાં પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધાયેલ તેમા તેના સાગરીતો ઝડપાઈ ગયા હતા અને તેનુ નામ ખુલ્યું હતું. તે આજદિન સુધી નાસતો ફરતો હતો.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ





**જૂઓ, મારું વજન આમ માપું છું.... તો બી.એમ.આઈ. મુજબ બરાબર તો આવે છે...**

# ગાંધીનગરમાં 'રાહતદર' ભૂલી જાવ : સાત વર્ષથી પ્લોટ અપાયા નથી, શહેરમાં જમીનની પણ તંગી

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાત સરકારે ગાંધીનગરની રચના થયા પછી ૧૯૭૦ થી ૧૯૯૫ના ગાળામાં વિવિધ સેક્ટરોમાં રાહતદરના ૨૫ હજારથી વધુ પ્લોટ આપ્યાં છે પરંતુ હવે એવી સ્થિતિ આવીને ઉભી છે કે શહેરના સેક્ટર વિસ્તારમાં પ્લોટ માટે જમીન વધી નથી. એટલું જ નહીં સમય જતાં રાહતદરના પ્લોટ વેચીને રાજનેતાઓ અને અધિકારીઓએ નફાખોરી કરતાં સુપ્રીમ કોર્ટમાં ૨૦૧૨માં થયેલી પિટીશનમાં સરકારને પ્લોટ વેચવા સામે મનાઈ હુકમ આપ્યો હોવાથી છેલ્લા સાત વર્ષથી કોઇને પ્લોટ અપાયા નથી. ગાંધીનગરમાં ૫૦ હજાર થી અઢી લાખ રૂપિયાના રાહતદરના પ્લોટ ૫૦ લાખ થી ચાર કરોડ રૂપિયામાં વેચાયા છે. રાજનેતાઓ અને અધિકારીઓએ પ્લોટ વેચીને ઉંચી કિંમતો વસૂલ કરી લીધી છે. છેલ્લા સાત વર્ષમાં સરકાર પાસે રાહત દરના પ્લોટ મેળવવા માટે અનેક માગણીઓ આવી છે પરંતુ સરકાર તેમને ગાંધીનગરમાં પ્લોટ આપી શકે તેમ નથી તેથી સરકાર ગુડા વિસ્તારમાં ઉંચા દરે ભવિષ્યમાં પ્લોટ આપવાની યોજના બનાવી રહી છે. આ નવા વિસ્તારમાં જંત્રીદરે જમીન સંપાદન કરવામાં આવે તો રાજનેતા, અધિકારી કે કર્મચારીને મળનારો સરકારી પ્લોટ રાહતદરનો નહીં હોય તે પણ વાસ્તવિકતા છે. જાણીને આશ્ચર્ય થશે કે ગાંધીનગર શહેર વિસ્તારની રચના ૧૪૦૦૦ એકર જમીનમાં થયેલી છે. એ સમયે સરકારે ૧૨ ગામોના ખેડૂતોની કુલ ૧૦૫૫૪ એકર જમીન માત્ર પાંચ કરોડ રૂપિયામાં સંપાદન કરી હતી. હવે જમીન સંપાદનના દરો વધી ગયા છે. આજે શહેરના સેક્ટર-૧ થી સેક્ટર-૩૦માં સરકાર પાસે જમીન વધી નથી તેથી ગાંધીનગર પાસે ગુડામાં નવી જમીનની શોધ કરવાની થાય છે. અદાલતનો ચુકાદો સરકારની તરફેણમાં આવે તો પણ હવે ધારાસભ્યો, સંસદસભ્યો કે અધિકારીઓને જમીનના પ્લોટ માટે સરકારે ગુડા વિસ્તારમાં જમીન સંપાદન કરવી પડે તેમ છે. એટલે કે જમીન ઈચ્છુક નેતાઓ અને સરકારી અધિકારીઓએ 'રાહતદર' શબ્દ ભૂલવો પડશે.

**મા અમૃતમ યોજનામાં સરકારે અમૃત વરસાવ્યું છે...**

ગરીબ પરિવારોને સસ્તી આરોગ્ય સુવિધા આપવાનું કામ ગુજરાત સરકારે શરૂ કર્યું છે ત્યારે તેના પરિણામો પણ આપણી સામે આવ્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં મા અમૃતમ યોજના એ ગરીબ દર્દીઓ માટે સાચા અર્થમાં અમૃત બની છે. રાજ્યના આરોગ્ય વિભાગના આંકડા પ્રમાણે યોજનાના વર્ષમાં માત્ર ૨૧૪૮૭ દર્દીઓએ ખાનગી હોસ્પિટલોમાં આ કાર્ડ બતાવીને મફતમાં સારવાર લીધી છે. આ સારવારનો ખર્ચ ૪૩.૩૭ કરોડ રૂપિયા થયો હતો. પાંચ વર્ષના દર્દીઓ અને ખાનગી હોસ્પિટલોમાં સરકારે કરેલા ખર્ચના આંકડા જોઈએ તો આપણને ગૌરવ થાય છે કે સરકારની આ યોજના કેટલા લોકોની લાઈફલાઈન બની છે. પાંચ વર્ષમાં ૧૩.૫૦ લાખ દર્દીઓએ મા અમૃતમ કાર્ડથી ખાનગી હોસ્પિટલોમાં સારવાર લીધી છે અને તેના દ્વારા સરકારે દર્દીના પરિવારોના ૨૧૩૭ કરોડ રૂપિયા બચાવ્યા છે. મા અમૃતમ યોજનાનો સૌથી વધુ લાભ ૨૦૧૮-૧૯ના વર્ષમાં લેવામાં આવ્યો છે. આ વર્ષે ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યા ૬.૫૧ લાખ હતી અને તેમનો આરોગ્ય ખર્ચ ૧૦૩૬ કરોડ રૂપિયા હતો જે સરકારે ભોગવ્યો છે.

**ગાંધીનગરમાં વૃક્ષછેદન વિકાસની ફેશન બની છે...**

**ગાંધીનગરે ૨૦,૦૦૦ વૃક્ષો બચાવ્યા પણ ૧૨,૦૦૦ વૃક્ષો ત્રણ વર્ષમાં ગુમાવી દીધા**

પર્યાવરણના સમતુલન માટે વૃક્ષોની હાજરી અનિવાર્ય છે પરંતુ વિકાસની આડમાં સરકાર વર્ષો જૂના ઘટાદાર વૃક્ષોનું નિકંદન કાઢી રહી છે. રાજ્યમાં જેટલા વૃક્ષો કપાય છે તેટલા નવા વાવવામાં આવતા નથી પરિણામે પર્યાવરણ બગડે છે. ગગનચૂંબી ઈમારતો અને શોપિંગ મોલ્સ જોઈને નહીં પરંતુ ખુલ્લા હરિયાળા ખેતરને જોઈને આપણી આંખ ઠરે છે. કુદરતી ફુલોને જોઈને આપણે તેના જેવા તાજા રહેવાનું વિચારીએ છીએ. અસહ્ય ગરમીના પ્રકોપ વચ્ચે લીમડાના વૃક્ષનો છાયો મળે તો આપણે એરકન્ડીશન્ડ ભૂલી જઈએ છીએ. આ કુદરત સાથે આપણે ચેડાં કરી રહ્યાં છીએ. રાજ્યમાં વૃક્ષ વાવવા માટે જેટલી ઝૂંબેશ શરૂ કરવામાં આવે છે તેટલી તેને કપાઈ જતાં બચાવવા માટે કરવામાં આવતી નથી. જાણીને આશ્ચર્ય થશે કે અમદાવાદ કરતાં ગાંધીનગરમાં સૌથી વધુ વૃક્ષો કપાય છે, પરિણામે તાપમાનમાં બે ઈંચનો ફરક પડ્યો છે. છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ૬૪૧૩ જેટલા વૃક્ષો કપાયા છે જેની સામે ગાંધીનગર જિલ્લામાં ૧૧૮૫૯ જેટલા વિક્રમી વૃક્ષોનું નિકંદન નિકળ્યું છે. આટલી મોટી સંખ્યામાં વૃક્ષો કપાયા છે છતાં પર્યાવરણવિદોનું ધ્યાન ખેંચાયું નથી. સૌથી વધુ વૃક્ષો માર્ગ બનાવવામાં કપાય છે. અત્યારે ગાંધીનગર અને અમદાવાદ વચ્ચેનો હાઈવે પહોળો કરવામાં આવી રહ્યો છે ત્યારે તેમાં આડે આવતા વૃક્ષોને કાપી નાંખવામાં આવ્યા છે.



ગાંધીનગરમાં સાબરમતી નદીના કિનારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપ્નસમા પંચામૃત ભવનનો પ્રોજેક્ટ પર્યાવરણવિદોએ અટકાવ્યો હતો, કારણ કે આ પ્રોજેક્ટની ૧૦૪ એકર જમીનમાં વર્ષો જૂના લીમડા સહિત ૨૦,૦૦૦ વૃક્ષો કાપવાના થતા હતા. શહેરમાં આ એક જ એવી ઝૂંબેશ હતી કે જેમાં આટલી મોટી સંખ્યામાં વૃક્ષો કપાતા અટકી શક્યા છે.

**ગુજરાતની જનતાના ૫૭૦૦૦ કરોડ ખાલી થયાં...**

**પાંચ વર્ષમાં ૫૭૦૦૦ કરોડ રૂપિયા-રકમ નાની નથી, વાહનચાલકોએ ગુમાવી છે**

ગુજરાતની જનતા વાહનો ચલાવે છે, ઘરમાં ગેસનો ચૂલો સળગાવે છે પરંતુ કેટલા રૂપિયા ક્યાં આપે છે તેનો હિસાબ કરીએ તો સૌથી વધુ રૂપિયા સરકારને ચૂકવે છે. દેશમાં જીએસટીનો અમલ થયો છે છતાં હજી ગુજરાતમાં અને બીજા રાજ્યોમાં વેલ્યુ એડેડ ટેક્સ (વેટ) ચાલી રહ્યો છે. કેન્દ્ર સરકારે પેટ્રોલિયમ પેદાશોને જીએસટીમાં સમાવી નહીં હોવાથી ગુજરાતની જનતાએ છેલ્લા પાંચ વર્ષમાં આ પેદાશોમાં ૫૭૦૦૦ કરોડ રૂપિયા સરકારને ચૂકવ્યા છે. પ્રતિવર્ષ ૧૫૦૦૦ કરોડની આવક સરકારને જે ચીજવસ્તુઓમાંથી મળે છે તેમાં પેટ્રોલ, ડીઝલ, સીએનજી અને પીએનજીનો સમાવેશ થાય છે. નાણા વિભાગના સૂત્રોએ સત્તાવાર આપેલી માહિતી પ્રમાણે રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલ પર ૧૭ ટકાનો વેલ્યુ એડેડ ટેક્સ છે, એટલું જ નહીં બન્ને બળતણ પર ચાર-ચાર ટકાનો સેસ વસૂલ કરવામાં આવે છે. વન ટેક્સ વન નેશન ના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્લોગનની વિપરીત દેશની જનતા આજે પણ ૨૫થી વધુ જાતના ટેક્સ ભરી રહી છે અને મોંઘવારીમાં પિસાઈ રહી છે. કેન્દ્ર સરકારે રાસાયણિક ખાતરો પર પણ પાંચ ટકા જીએસટી લાગુ કર્યો હોવાથી ગુજરાતના ખેડૂતોએ પાંચ વર્ષમાં ૩૩૬ કરોડનો વેરો ભર્યો છે. પેટ્રોલ પેટે પાંચ વર્ષમાં સરકારને ૧૫૫૧૭ કરોડની વેટ આવક પ્રાપ્ત થઈ છે. ડીઝલમાં સરકારને ૩૪૯૩૭ કરોડ રૂપિયા મળ્યા છે. સીએનજીમાં ૧૭૮૪ કરોડ અને પીએનજીમાં ૪૧૩૦ કરોડ રૂપિયા મળ્યા છે. આમ કુલ ૫૬૭૦૨ કરોડના વેરા સરકારે પાંચ વર્ષમાં ઉઘરાવી લીધા છે.

**વાહનના નંબરો પાછળ ખર્ચેલા ૩૦૦ કરોડમાં તો ૭૫૦૦ મારૂતી કાર આવી જાય**

**૭૫૦૦ નવી મારૂતી આવે એટલો ખર્ચ કર્યો...**

લોકોના શોખ પણ ગજબ હોય છે. એક સમય હતો જ્યારે નવું વાહન ખરીદતી વખતે પસંદગીનો નંબર લેવા માટે પડાપડી થતી હતી અને તેમાં ભ્રષ્ટાચાર વ્યાપી ચૂક્યો હતો. હવે તો આરટીઓ કચેરીમાં ડ્રો સિસ્ટમથી નંબર મળે છે તેથી ગમે તેવો નંબર ન આવે તે માટે રૂપિયા ખર્ચીને પસંદગીનો નંબર લેવામાં આવે છે. નવી સિરીઝમાં આપણે પસંદગીનો નંબર નોંધાવવો પડે છે અને તેની હરાજી પણ થતી હોય છે. વાહનોમાં પસંદગીનો નંબર મેળવવા માટે પ્રતિ વર્ષ ૨૫૦૦૦ જેટલી અરજીઓ થતી હોય છે. છેલ્લા પાંચ વર્ષમાં ૧૨.૩૬ લાખ લોકોએ પસંદગીનો નંબર લેવા માટે અરજીઓ કરી હતી જે પૈકી ૧૧.૭૦ લાખ લોકોને પસંદગીના નંબરો ફાળવી આપવામાં આવ્યા છે. આ નંબરો મેળવવા માટે વાહનચાલકો લાખો રૂપિયા ખર્ચી રહ્યાં છે. પાંચ વર્ષમાં પસંદગીના નંબરો મેળવવા માટે વાહનચાલકોએ ૩૦૦ કરોડ ખર્ચ કર્યો છે. રાજ્યની આરટીઓ કચેરીઓને પાંચ વર્ષમાં ૩૦૦,૬૦,૦૦,૧૩૬ રૂપિયાની આવક થઈ છે. ઘણી વખત તો નંબર લેવા માટે જેટલા રૂપિયા ખર્ચવામાં આવે છે તેનાથી એક નવી ગાડી આવી શકે છે. એક મધ્યમ વાહનની કિંમત ૪ લાખ રૂપિયા ગણીએ તો વાહનચાલકોએ પસંદગીના નંબર મેળવવા માટે જેટલા રૂપિયા ખર્ચ કર્યા છે તેમાં ૭૫૦૦ જેટલી નવી ગાડીઓ આવી શકે તેમ હતી.

**છેલ્લા બે વાયબ્રન્ટના ૯૪૧૨ પ્રોજેક્ટ ડ્રોપ થયા...**

ગુજરાતમાં દર બે વર્ષે થતી વાયબ્રન્ટ સમિટમાં થયેલા સમજૂતી કરાર પૈકી મોટાભાગના પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ આવે છે પરંતુ તેની સાથે સાથે પ્રોજેક્ટ ડ્રોપ પણ થાય છે. જો કે પ્રોજેક્ટ ડ્રોપ થવાનો રેશિયો ખૂબ ઓછો હોય છે એટલે સરકાર એવું માને છે કે વકરો એટલો નફો છે... ૨૦૧૫માં સરકારને ૨૧૩૦૪ કંપનીઓએ વાયદો કર્યો હતો કે અમે ગુજરાતમાં ૧૬.૩૦ લાખ કરોડનું મૂડીરોકાણ કરીશું, જેની સામે ૧૫૦૯૫ ઉદ્યોગજૂથોનું ૨.૮૯ લાખ કરોડનું મૂડીરોકાણ કમિશન્ડ થયું હોવાનો દાવો કરી કહેવામાં આવ્યું છે કે બીજા ૨૪૯ પ્રોજેક્ટમાં ૯૪૯૧ કરોડનું મૂડીરોકાણ થવાનું છે. ૨૦૧૫માં ૫૪૬૪ પ્રોજેક્ટ મૂડીરોકાણમાંથી ખસી ગયા છે. એવી જ રીતે ૨૦૧૭માં ૨૪૭૭૪ પ્રોજેક્ટ માટે સમજૂતી કરાર થયા હતા જે પૈકી ૧૫૪૨૫ પ્રોજેક્ટમાં ૩.૦૮ લાખ કરોડનું મૂડીરોકાણ કમિશન્ડ થયું હોવાનું કહેવામાં આવે છે. બાકીના ૨૬૬૨ પ્રોજેક્ટમાં ૫૬૭૪૦ કરોડનું મૂડીરોકાણ અંડર ઈમ્પ્લિમેન્ટેશનમાં હોવાનો દાવો ઉદ્યોગ વિભાગે તેના એક ડોક્યુમેન્ટમાં કર્યો છે. ૨૦૧૭ના વર્ષના પણ ૩૯૩૮ જેટલા પ્રોજેક્ટ ડ્રોપ થયાં છે. એટલે કે છેલ્લા બે વાયબ્રન્ટ વર્ષનું સરવૈયું જોતાં કુલ ૪૬૦૮૮ પૈકી ૯૪૧૨ પ્રોજેક્ટ ડ્રોપ થયાં છે. ઉદ્યોગ વિભાગના અધિકારીએ જણાવ્યું છે કે આ બન્ને વાયબ્રન્ટ સમિટના જે પ્રોજેક્ટ કમિશન્ડ થયાં છે તેમાં રાજ્યને ૫.૯૭ લાખ કરોડ રૂપિયાનું ઈન્વેસ્ટમેન્ટ મળ્યું છે.

**રક્ષિત સ્મારકોની જાળવણી માટે સ્ટાફ નથી...**

ગુજરાતમાં પુરાતન સ્થળોની રખેવાળી કરવી આવશ્યક છે છતાં સરકારની બેદરકારીના કારણે આ સ્થળોએ પૌરાણિક અવશેષોની ચોરીઓ થવાની ઘટનાઓ સામે આવી છે. રાજ્યમાં સરકાર હસ્તકના કુલ ૩૬૧ પુરાતન સ્મારકો છે જેની રખેવાળી કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે પરંતુ તેના માટે સરકાર પાસે સ્ટાફનો અભાવ હોવાથી આ સ્થળોની યોગ્ય પ્રમાણમાં રખેવાળી થઈ શકતી નથી. પુરાતન સ્મારકોની જાળવણી માટે સરકારે વર્ગ-૧ થી વર્ગ-૪ સુધીના વર્ગ માટે કુલ ૧૧૫ અધિકારી તેમજ કર્મચારીનો સ્ટાફ નિયત કર્યો છે પરંતુ તેમાં ૬૦ ટકા જગ્યાઓ ખાલી પડી છે. પુરાતન વિભાગમાં વર્ગ-૧ના બે ઓફિસરોની જગ્યા મંજૂર કરવામાં આવેલી છે પરંતુ બન્ને જગ્યા છેલ્લા ઘણાં વર્ષોથી ખાલી પડી છે. મહત્વની બાબત એવી છે કે વર્ગ-૨ની કુલ ૧૩ જગ્યાઓ પૈકી માત્ર બે જગ્યાઓ ભરવામાં આવેલી છે. બાકીના સંવર્ગ મળીને માત્ર ૫૧ જગ્યાઓ ભરવામાં આવેલી છે જ્યારે ૬૪ જગ્યાઓ ખાલી પડી છે.